OPERATION ENCOMPASS

# ઓપરેશન એનકમ્પાસ (Operation Encompass) એક રાષ્ટ્રિય યોજના છે જે સ્કૂલો અને તમામ પોલીસ દળો વચ્ચે સંયુક્તપણે ચલાવવામાં આવે છે.

"જે ઘરોમાં ઘરેલૂ અત્યાચાર થતા હોય તેવાં ઘરોમાં રહેતાં બાળકો પર, અથવા જેઓ તેમના પોતાના કિશોરાવસ્થાનાં સંબંધોમાં ઘરેલૂ અત્યાચાર અનુભવી રહ્યાં હોય, તેમના પર આ અનુભવોની નકારાત્મક અસરો પડી શકે છે."

"જે બાળકોને ઘરેલૂ અત્યાચારનો અનુભવ કરવો પડે છે તેમને તેમના પોતાના અધિકારરૂપે ઘરેલૂ અત્યાચારનાં પીડિત હોવા તરીકે માનવામાં આવે છે.[1]"

"અમે એ વાતની ખાતરી કરી છે કે અમારા એક કર્મચારી સભ્ય (નિયુક્ત કરાયેલ સુરક્ષા અગ્રણી), જેઓ મુખ્ય વ્યક્તિ તરીકે ઓળખાય છે, તેમને ઓપરેશન એનકમ્પાસની કાર્યવાહીઓની તાલીમ આપવામાં આવેલી છે. આના લીધે અમારી સાથે પોલીસ દ્વારા ગુપ્ત રીતે જે માહિતી વહેંચવામાં આવી હોય તેનો અમે ઉપયોગ કરી શકીએ છીએ, જેથી ઘરેલૂ અત્યાચારની બાળક ઉપર કેવી રીતે અસર પડી હોઈ શકે તે અમે સમજી શકીએ અને તે પછી અમારી સંભાળમાં રહેલાં બાળક/બાળકોને સહાયતા આપી શકીએ."

"ઓપરેશન એનકમ્પાસ એટલે કે જો પોલીસે ઘરેલૂ અત્યાચારના એવા કોઈ બનાવમાં હાજરી આપવી પડી હોય જ્યાં આપણી સ્કૂલમાં ભણતું બાળક કે યુવા વ્યક્તિ તે બનાવમાં સંકળાયેલ હોય, તો બીજા દિવસે સ્કૂલ શરૂ થતાં પહેલાં આપણી સ્કૂલને તે બનાવ વિશે જાણ કરી દેવામાં આવશે."

"આ માહિતીને લીધે અમે બાળકનું વર્તન સમજી શકીએ છીએ અને તે બાળકને જે કોઈ પણ રીતે જરૂર પડી શકે તે પ્રમાણે તેને ટેકો આપી શકીએ છીએ."

"અમારાં બધાં જ વિદ્યાર્થીઓને શક્યતઃ સર્વોત્તમ સહાયતા પૂરી પાડવા માટે અમે આતૂર છીએ અને અમારું માનવું છે કે ઓપરેશન એનકમ્પાસનો હિસ્સો બનવાથી અમને આ કરવામાં મદદ મળશે."

[1] ડોમેસ્ટિક અબ્યુઝ એક્ટ 2021

www.operationencompass.org